રાજ્યની સંગીત/નૃત્ય/નાટ્ય શાળાઓને માન્યતા તેમજ ગ્રાન્ટ આપવા બાબત.

---

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: બમશ-૧૨૮૬-ઇ.એમ.-૮૦૬-ગ,
સચિવાલય, ગાંધીનગર,
તા. ૩૧-૭-૯૦.

વંચાણે લીધા :-

(૧) શિક્ષણ વિભાગનો તા. ૧૦-૮-૮૩ નો ઠરાવ ક્રમાંક: એનજીસી-૧૦૭૯-૩૭૭૧૯/૮૩-ખ.

(૨) ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રી, નો તા. ૧૦-૧૧-૮૭ નો પત્ર ક્રમાંક: બ-અનસ-૨-૮૧-સ.

(૩) ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રીનો તા. ૮-૯-૮૬ નો પત્ર ક્રમાંક: ૮૬-સબસ-૨-૫૦-ય-૧૨૧૪૮-૪૯

(૪) ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રીનો તા. ૨૧-૪-૮૭ નો પત્ર ક્રમાંક: ૮૮-સબસ-૨-૧૨-ય-૧૧.

ઠ રા વ :-

ભારતીય સંસ્કૃતિ અને કલામાં પરંપરાગત સંગીત/નૃત્ય / નાટ્યનું મૂલ્ય વધે અને લોકોમાં તે પ્રત્યેની અભિરુચી જળવાઇ રહે સાથે સાથે તેમાં વૃધ્ધિ પણ થાય, તેમજ તે વ્યવસાયલક્ષી પણ બને અને રાજ્યમાં આવેલી બીન સરકારી સંગીત શાળાઓમાં શીખવવામાં આવતા પરંપરાગત સંગીત શિક્ષણ આપતી સંસ્થાઓને અપાતી ગ્રાન્ટમાં એકસૂત્રતા જળવાય તેમજ એઓને આપવામાં આવતી ગ્રાન્ટ અંગે ચોક્કસ વ્યવહારુ નીતિ ઘડી કાઢી તે માટેની ભલામણો સહિત અહેવાલ રજૂ કરવા રાજ્ય સરકારે શિક્ષણ નિયામકશ્રીના કન્વીનર પદે એક સમિતિની રચના કરી હતી. ઉક્ત સમિતિએ રજૂ કરેલ અહેવાલ અંગે પેટા સમિતિ દ્વારા ચકાસણી કરી રાજ્યમાં આવેલી સંગીત શાળાઓને માન્યતા આપવાના ધોરણો તેમની કક્ષા, અભ્યાસક્રમો, કર્મચારીઓની લાયકાત, સેવાના પ્રશ્નો અને શાળાઓને ગ્રાન્ટ આપવાના ધોરણો નક્કી કરવા અંગેની ભલામણો સરકાર સમક્ષ રજૂ કરવામાં આવેલ. ઉક્ત ભલામણોનો સ્વીકાર કરવાની બાબત છેલ્લા કેટલાક સમયથી સરકારની વિચારણા હેઠળ હતી.

... ૨ ..

પુખ્ત વિચારણાને અંતે સંગીત/નૃત્ય/નાટ્ય સંસ્થાઓના વિભિન્ન પ્રશ્નો પૈકી શાળાઓને માન્યતા, તેમની કક્ષા અને તેને આધારે તેમને આપવામાં આવનાર ગ્રાન્ટનું ધોરણ નીચે પ્રમાણે નક્કી કરવાનું સરકાર આથી ઠરાવે છે.

(૧) માન્યતા:- રાજ્યમાં નવી સંગીત/નૃત્ય/નાટ્ય શાળાઓ શરૂ કરવા માટે તથા ચાલુ શાળાઓ માટે નવા વર્ગો શરૂ કરવા માટે તેમજ નવી જગાઓ ઉભી કરવા માટે ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રીની મંજૂરી મેળવવાની રહેશે. તે માટે અરજીપત્રક તથા નિયમો ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રીએ તૈયાર કરી વિભાગના રજૂને નાણા સલાહકારશ્રી/ નાણા વિભાગને રજૂ કરવાના રહેશે. વધુમાં ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રી પ્રસ્તુત બાબતે ગુણવત્તાના આધારે નિર્ણય લેશે. પરંતુ માન્યતા અંગેના નિયમો ને વિભાગ દ્વારા સંમતિ ન મળે ત્યાં સુધી નવી શાળા કે નવા વર્ગો વધારાની દરખાસ્ત અંગે કોઈ નિર્ણય લઈ શકશે નહિ.

(૨) સંગીત/નૃત્ય/ નાટ્ય શાળાઓની કક્ષા અને ગ્રાન્ટનું ધોરણ :-

(અ) સામાન્ય/ પેટા સામાન્યની લાયકાતને અનુલક્ષીને રાજ્યની સંગીત/નૃત્ય/ નાટ્ય શાળાઓને નીચે દર્શાવ્યા મુજબ ત્રણ કક્ષામાં મૂકવાની રહેશે.

'અ' કક્ષા : ૧: સંગીત નાટ્ય ભારતી, રાજકોટ.

'બ' કક્ષા :

(૧) ઓમકાર સંગીત વિદ્યાલય, મોરબી,
(૨) નટરાજ સંગીત વિદ્યાલય, મોરબી,
(૩) નવસારી સંગીત વિદ્યાલય, નવસારી,
(૪) કલા કેન્દ્ર કોલેજ ઓફ મ્યુઝીક એન્ડ ડાન્સ, વલ્લભવિદ્યાનગર,
(૫) સંગીત મહા વિદ્યાલય રાષ્ટ્રીય શાળા, રાજકોટ
(૬) ભારતીય નૃત્ય સંગીત વિદ્યાલય, રાજકોટ,
(૭) ગાંધર્વ સંગીત વિદ્યાલય, અમદાવાદ,
(૮) ઓરીજીનલ મ્યુઝીક સ્કુલ, અમદાવાદ.
(૯) જ્યોતિ સંઘ સંચાલિત સંગીત વર્ગ, અમદાવાદ.
(૧૦) ભારતીય સંગીત વિદ્યાલય, અમદાવાદ.

'ક' કક્ષા :

(૧) જનતા સંગીત વિદ્યાલય, સાવરકુંડલા,

(૨) પંડિતજી ઓમકારનાથ કલા વિકાસ ટ્રસ્ટ, સંચાલિત સંગીત વર્ગ, રાજપીપળા,

(૩) શીવગંગા સંગીત વિદ્યાલય, બોટાદ,

(૪) જ્ઞાનજ્યોત સંગીત વિદ્યાલય, નડીયાદ.

(૫) નૂતન સુધા સંગીત વિહાર, નડીઆદ.

(૬) ભારતીય સંગીત વિદ્યાલય, વિસનગર,

(૭) તારાલક્ષ્મી સંગીત વર્ગ, પેટલાદ.

(૮) શ્રી અંત્યજસરિષ્ઠાનંદ સમાજ સંચાલિત સંગીત કલા ભારતી, રાજકોટ,

(૯) શ્રી જગદીપ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત મંગલમ સંગીત વિદ્યાલય,સાંદખેડા, જી. ગાંધીનગર.

સંપૂર્ણ સમયની 'અ' કક્ષાની સંસ્થામાં સ્નાતકોત્તર (ડીપ્લોમા) અને સ્નાતક (ડીગ્રી) કક્ષાના અભ્યાસક્રમો ચલાવે છે તે સંસ્થાનો સમાવેશ કરવામાં આવેલ છે.

સંપૂર્ણ સમયની 'બ' કક્ષાની સંસ્થાઓમાં ઉચ્ચતર માધ્યમિક શાળાઓના અભ્યાસક્રમોની સમકક્ષ અભ્યાસક્રમ ચલાવે છે તેવી સંસ્થાઓનો સમાવેશ કરવામાં આવેલ છે, જ્યારે સંપૂર્ણ સમયની 'ક' કક્ષાની સંસ્થાઓમાં 'વિનીત' અથવા સર્ટીફીકેટ અભ્યાસક્રમોનું સંચાલન કરતી હોય તેવી સંસ્થાઓ માધ્યમિક શાળાઓની સમકક્ષ ગણી સમાવેશ કરવામાં આવેલ છે.

(બ) ગ્રાંટ :- રાજ્યમાં આવેલ સંગીત/નૃત્ય/નાટ્ય શાળાઓને હાલ નીચે પ્રમાણે ગ્રાંટ આપવામાં આવે છે.

ગુજરાત વિસ્તારની શાળાઓને ગ્રાંટ :-

(૧) માન્ય વેતન ખર્ચના ૨૫% લેખે.

(૨) ખાધ,

(૩) વિદ્યાર્થી દીઠ રા. ૨૦ લેખે ( વાર્ષિક ).

ઉપરોક્ત ત્રણમાંથી જે ઓછી રકમ હોય તેટલી રકમ ગ્રાન્ટ સ્વરૂપે આપવામાં આવે છે. જ્યારે સૌરાષ્ટ્ર વિસ્તારની સંગીત/નૃત્ય/ નાટ્ય શાળાઓને

૧. માન્ય ખર્ચના ૫૦% લેખે.

૨. ખાધ.

ઉપરોક્ત બે પૈકી જે રકમ ઓછી હોય તેટલી રકમ ગ્રાન્ટ સ્વરૂપે આપવામાં આવે છે.

જ્યારે સંગીત નાટ્ય ભારતી, રાજકોટ સંચાલિત સંગીત નૃત્ય નાટ્ય મહાવિદ્યાલયને સામુહિક અનુક્રમ-(૧) માં દર્શાવેલ શિક્ષણ વિભાગના તા.૧૦-૮-૮૩ ના સરકારી ઠરાવ ક્રમાંક:એનટીસી-૧૫૮૯-૩૭૭૧૯(૮૩)ખ થી સંસ્થાના કર્મચારીઓના પગાર ખર્ચના ૧૦૦% અને માન્ય ઇતર ખર્ચના ૪૦% લેખે ઉક્ત ઠરાવમાં દર્શાવેલ શરતોએ અનુદાન આપવામાં આવે છે. સરકારના ઉપરોક્ત તા. ૧૦-૮-૮૩ ના ઠરાવની જોગવાઇ યથાવત રાખી સદરહુ સંસ્થામાં અગાઉની મંજૂર કોર્ષનો સ્ટાફ સેવામાં ચાલુ હોય ત્યાં સુધી તે પુરતા માન્ય પગાર ખર્ચના ૧૦૦% અને માન્ય ઇતર ખર્ચના ૪૦% લેખે તા. ૧૦-૮-૧૯૮૩ ના ઠરાવમાં દર્શાવેલ શરતો અનુસાર અનુદાન આપવાનું રહેશે. ત્યારબાદ હવે પછી દર્શાવેલ ગ્રાન્ટના નવા સુધારેલા દરે સંગીત નાટ્ય ભારતી રાજકોટને ગ્રાંટ આપવાની રહેશે.

સંગીત નાટ્ય ભારતી, રાજકોટ સિવાયની અન્ય સંગીત/ નૃત્ય/ નાટ્ય શાળાઓને આ હુકમોમાં અગાઉ ઉલ્લેખ થયા મુજબ જે ધોરણે સરકાર તરફથી અનુદાન મળે છે તેના બદલે અગાઉ દર્શાવ્યા મુજબ જે તે શાળાને તેની કક્ષા અનુસાર નીચે દર્શાવ્યા પ્રમાણે સુધારેલા દરે, જે તે શાળાએ મેળવેલ ફીની આવક સરકારમાં જમા કરાવવાની શરતે અનુદાન, જે તે શાળાના નામે આપવાનું સરકાર આથી ઠરાવે છે.

| કક્ષા. | ગ્રાન્ટનો સુધારેલો દર. (ટકાવારી મુજબ) | |
|---|---|---|
| | માન્ય પગાર ખર્ચના. | માન્ય ઇતર ખર્ચના |
| 'અ' (ડીગ્રી અભ્યાસક્રમ ) | ૮૦% | ૬૦% |
| 'બ' ( ડીપ્લોમા અભ્યાસક્રમ ) | ૬૦% | ૫૦% |
| 'ક' (વિનિત/સર્ટીફીકેટ અ.ક્રમ) | ૫૦% | ૪૦% |

(૩) આ હુકમોનો અમલ તા. ૧ લી એપ્રિલ, ૧૯૯૦ થી કરવાનો રહેશે.

(૪) - ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરને ઉક્ત સંસ્થાઓને અનુદાન ચુકવવા માટે અધિકૃત કરવામાં આવે છે અને મહાલેખાકારશ્રી ગુજરાત કે શિક્ષણ વિભાગ/ ખાતાના સક્ષમ અધિકારીઓ દ્વારા અનુદાનના (ગ્રાંટ) હિસાબો મંગાવવામાં આવે ત્યારે સંબંધિત સંસ્થાએ અનુદાનને લગતા હિસાબો તથા રેકર્ડ બાબતો સંબંધકર્તા અન્ય દફતર સાહિત્ય તેઓ સમય રજુ કરવાના રહેશે.

૫. આ અંગે થનાર ખર્ચ અંદાજપત્રના સદર માંગણી નં-૧૦, સેકટર-ખ-સામાજીક સેવાઓ-૨૨૦૫-કલા અને સંસ્કૃતિ-૧૦૧-લલિત કલા શિક્ષણ (૧) સંગીત નાટ્ય ભારતીને અનુદાન હેઠળ ઉધારવો અને તે હેઠળ સને ૧૯૯૦-૯૧ દરમ્યાન મંજૂર થનાર અનુદાનમાંથી મેળવવાનું રહેશે.

૬. આ હુકમો આ વિભાગની ફાઈલ ક્રમાંક: અમર-૧૨૮૬-ઇએમ-૮૦૬-ગ ઉપર સચિવશ્રી (આ.બા.) નાણા વિભાગની તા. ૯-૧-૯૦ ની નોંધથી સંમતિ મેળવી બહાર પાડવામાં આવ્યા છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( બ.જી. યાદવ )
ઉપસચિવ,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,
(૧) મા. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, ગુ.રા., રાજભવન, ગાંધીનગર.
(૨) મા. મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, મા. મુખ્ય મંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
(૩) મા. મંત્રીશ્રી (શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
(૪) મા. મંત્રીશ્રી (નાણા) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
(૫) મુખ્ય શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
(૬) મહાલેખાકારશ્રી, ગુજરાત, અમદાવાદ/રાજકોટ.
(૭) પગાર અને હિસાબી અધિકારી, ગાંધીનગર.
(૮) નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
(૯) સર્વે જિલ્લા શિક્ષણાધિકારી.
(૧૦) નાણાકીય સલાહકારશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૧૧) સંબંધીત સંગીત શાળાઓ.
(૧૨) નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૧૩) પસંદગી ફાઈલ.

/ રાઠવા / સ્ટે.
૮૯૯૦